# ધર્મવીર ક્રાંતિવીર

## બેરીસ્ટર શ્રી વીરચંદ રાઘવજી ગાંધી

## (૧૮૬૪–૧૯૦૧)


(લેખક – ચંદ્રેશ ધીરજલાલ ગાંધી)
પ્રપૌત્ર શ્રી વિરચંદ રાઘવજી ગાંધી
મહુવા–સુરત


ગુજરાત આજે ''ગરવી ગુજરાત'' તરીકે પ્રસિદ્ધ છે તેમાં સૌરાષ્ટ્ર અને સૌરાષ્ટ્રમાં ભાવનગર જીલ્લો તેને (ગોહીલવાડ) કાઠીયાવાડ તરીકે પણ પ્રસિદ્ધ છે. ભાવનગર શહેરથી આશરે ૧૦૦ કી,મી. દૂર સંતો મહાત્મા તથા વિરપુરૂષોની જન્મભૂમિ મહુવા (મધુમતી નગરી) જેને લોકો ''સૌરાષ્ટ્રનું કાશ્મિર'' તરીકે પણ જાણે છે. તેમાં નગર શેઠ શ્રી રાઘવજીભાઈ તેજપાલભાઈ ગાંધી સહપરિવાર રહે છે. રાઘવજીભાઈ પોતે બારવ્રત ધારી શ્રાવક હતા તેનો હીરા ઝવેરાતનો ધંધો સચ્ચાઈ ભારોભાર બારવ્રત ધારી સુશ્રાવક નગરશેઠશ્રી રાઘવજીભાઈને એક દિવસ સવારે લગભગ સવારે ૪ વાગ્યાનાં અરસામાં શાસનદેવી શ્રી પદમાવતી દેવી સ્વપ્નમાં આવ્યા અને તેને રાઘવજીભાઈને કહ્યુ હે પુણ્યવાન શ્રાવક તારા ઘરની ઉગમણી દિશાનાં ખૂણે એક પ્રતિમા દટાયેલી છે તેને બહાર કાઢી તેને યોગ્ય સ્થળે સ્થાપિત કરજે પછી તારે ત્યાં કુળને ઉજાળનારો જૈન શાસનને વિશ્વમાં રોશન કરનારો તેજસ્વી બાળકનું તારે ત્યાં પારણુ બંધાશે આટલું કહી શાસનદેવી અલોપ થઈ ગયા ત્યાં રાઘવભાઈ અચાનક જાગી ગયા તેને જે સપનું આવ્યુ તે બાબત તેને તેની માતાને વાત કરી ને કહ્યુ કે મને જે સપનું આવ્યુ તે પ્રમાણે મારે નીચે તે જગ્યા ખોદાવીને જોવરાવવું છે એટલે માતુશ્રીએ તેને રજા આપી એટલે તે જ દિવસે રાઘવજીભાઈએ શુભ મુહુર્ત જોવરાવી ખોદકામનાં શુભારંભ કરાવ્યો તે સમયે કારીગરોને ખાસ સુચના આપી કે સંભાળીને ધીરેધીરે કાર્ય કરજો થોડું ખોદકામ કર્યુ ત્યાં ખોદકામ કરતા માણસોને કાંઈક પથ્થર જેવો કડક પદાર્થ લાગ્યો તરત જ તેને રાઘવજીભાઈ ને જાણ કરી તરત રાઘવજીભાઈએ બરાબર જોયું તો ત્યાં કાઈ પ્રતિમા જેવું લાગ્યું તરતજ તેણે ખોદકામ બંધ કરાવ્યું પોતે હાથેથી તેની ઉપરની અને આસપાસની માટી ધીમેધીમે દૂર કરી ત્યાં તેને મહા ચમત્કારી વિઘ્નહર જિનેશ્વર ભગવંત શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાં અખંડ નીકળી તે જોઈ સહ પરિવારનાં આનંદનો કોઈપાર ન રહ્યો. તે સમયે તેને તે જગ્યાએ સ્થાપિત કરી પછી શુભ દિવસ જોઈને તેમના નિવાસ સ્થાનની બાજુમાં ૨૪માં તિર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામી (જીવીત સ્વામી) નું ભવ્ય જિનાલય છે તેમાં તે પ્રતિમાંની ખૂબ જ ધામધૂમ પૂર્વક પ્રાણ પ્રતિષ્ઠા કરાવી ત્યાં સ્થાપિત કરી આજે પણ તે પ્રતિમા તે જિનાલયમાં વિદ્યમાન છે. મહત્વની વાત તો એ છે કે ફક્ત તે જ પ્રતિમાનાં ખંધ ઉપર બન્ને બાજુ ફેણ છે.

ત્યારબાદ થોડા જ દિવસોમાં રાઘવજીભાઈ ને ઘરે ૨૫ ઓગષ્ટ, ૧૮૬૪નાં શુભ દિવસે માનબાઈની કુખે તેજસ્વી બાળકનો જન્મ થયો પછી તે બાળકનું નામ પાડવા માટે અલગ અલગ મત લીધા અંતે વીરપ્રભુનું ભવ્ય જિનાલય ઘરની બાજુમાં ચાલીને ફક્ત એક જ મીનીટના અંતરે છે તેની છાયામાં બાળકનો જન્મ થયો છે તેટલે બાળકનું નામ વીરચંદ પાડવાનું નકકી કર્યું તે પ્રમાણે બાળકનું નામ વીરચંદ નામ પાડયું બાળક જેમ જેમ મોટુ થવા લાગ્યુ તેમ ધાર્મિક જ્ઞાન બાળકને મળે તે હેતુથી માતાપિતા તેને પાઠશાળા મોકલતાં વ્યાખ્યાનમાં તેને સાથે લઈ જતા સામાયિક પ્રતિક્રમણ કરતા પણ બાળક શીખી ગયો. બાળકને સામાજીક વ્યવહારિક જ્ઞાન મળે તે હેતુથી તેને પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે દાખલ કરવામાં આવ્યો બાળકની જ્ઞાન મેળવવાની જીજ્ઞાસા ધગશ અને સખત મહેનતથી ચારે ધોરણ સારા માર્ક સાથે પહેલા નંબરે ઉત્તિર્ણ થતાં મહુવામાં વધુ અભ્યાસ માટે કોઈ સ્કુલ હતી નહિ તેથી વિરચંદને વધુ અભ્યાસ મળે તે માટે મહુવાનાં હેડ માસ્તરની ભલામણ ચીઠ્ઠી લઈ સહકુટુંબ ભાવનગર આવ્યા ત્યાં



3 Heroes who captivated public in 1893's, Parliament of World Religions in Chicago, sitting on Parliament Stage






વિરચંદને ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કુલમાં દાખલ કર્યા અને તેને ૧૬ વર્ષની નાની વયે મેટ્રિક્યુલેશનની પરિક્ષામાં સમગ્ર ગોહીલવાડ જીલ્લામાં પ્રથમ આવ્યા અને તેમણે સર જશવંતસિંહજી સ્કોલરશીપ મેળવી.

રાઘવજીભાઈ આટલે અટકયા નહોતા તે પોતાના બાળકને વધુમાં વધુ શિક્ષણ અપાવી સ્નાતક જોવા ઈચ્છતા હતા દુરદેશી વિચાર ધરાવતા અને પોતે સમયની માંગ પ્રમાણે અને પોતાના વ્યવસાયની પણ ચિંતા કર્યા વિના સહકુટુંબ સાથે મુંબઈ આવ્યા ત્યાં વીરચંદને એલફિન્સ્ટન કોલેજમાં દાખલ કર્યા ત્યાં તેણે ફર્સ્ટ કલાસ ફર્સ્ટ નંબરે પાસ થયા અને ૨૦ વર્ષની ઉંમરે બીએની ડીગ્રી મેળવી ત્યાં સુધીમાં તે ૧૪ ભાષાની જાણકારી મેળવી ચુકયા હતા. તેમજ સર્વ ધર્મ ગ્રંથોની જાણકારી પણ મેળવી ચૂકયા હતા. તથા ૨૧ વર્ષની ઉંમરે તે જૈન એશોસીએશન ઓફ ઈન્ડીયા મુંબઈની સંસ્થામાં પહેલા સચિવ તરીકે નિમણુંક કરવામાં આવી હતી તેવામાં પાલિતાણાનાં ઠાકોરે(રાજા)એ યાત્રાએ આવતા દરેક યાત્રાળુ પાસેથી વ્યકિત દીઠ રૂા. ૨ ના કર લેતા હતા તે દૂર કરવા પોતે જાનના જોખમે અંગ્રેજોને મળી તેને બધી રજુઆત કરી કર દૂર કરાવ્યો.

બીજુ અગત્યનું કામ સમેત શિખરનાં પ્રાંગણમાં ત્યાંનાં વેપારી બેડમ નામના અંગ્રેજે શરૂ કરેલા ચરબીનાં કારખાના બંધ કરાવવા કલકત્તાની કોર્ટમાં અપીલ કરી અને પોતે કલકત્તામાં રહી બંગાળી ભાષા શીખ્યા કારણ કે ત્યાંના દસ્તાવેજોની બધી નકલ બંગાળી ભાષામાં હતી તેથી અને મજબૂત પુરાવા, સાક્ષી ઉભા કરી યોગ્ય રજૂઆત કરી કેસનાં ચુકાદો જૈનોની તરફેણમાં લાવ્યા તાત્કાલિક હુકમથી ચરબીનાં કારખાના બંધ કરાવ્યા આ તેમણે બીજુ યશસ્વી કાર્ય કર્યું.

ગાંધીજીએ પોતાની આત્મકથા ''સ્ટોરી ઓફ માય એકસપરીમેન્ટ વીથ ટૃથ'' માં વ્યકત કર્યું છે કે ભારતીય કાયદાનાં અભ્યાસ તેમના માટે મુશ્કેલ હતું ખાસ કરીને સીવીલ પ્રોસીઝર કોડ ૧ અને તેના ભાઈ મિત્ર સમાન વિરચંદ ગાંધી તેને ફિરોઝ શાહ તથા બદરૂદીન જેવા મોટા વકીલોના દાખલા વાંચી સંભળાવતા. મહાત્મા ગાંધીને ભારતીય કાયદાનો અભ્યાસ સમજાવવા શકય તેટલી મહેનત કરતાં.

તે દરમ્યાન ૧૮૯૩માં વિશ્વની સૌથી પહેલી વિશ્વધર્મ પરિષદ શિકાગો અમેરિકામાં આયોજન થઈ રહ્યુ હતુ તેમાં ફક્ત વિશ્વનાં મોટા મોટા વિવિધ ધર્મોનાં પ્રતિનિધિઓને જ આમંત્રણ આપવામાં આવ્યુ હતુ. તેમાં ભારતમાંથી જૈન ધર્મ માટે નવયુગ નિર્માતા પંજાબ કેસરી પ.પૂ. આચાર્યશ્રી વિજયાનંદસૂરી (આત્મારામજી)ને આમંત્રણ હતું કારણ કે સન ૧૮૯૨ આત્મારામજી મ.સા.ની સમાજ અને ધર્મની સેવા ઉપરાંત વિશિષ્ટ જ્ઞાનની ખ્યાતિ અમેરિકા અને યુરોપમાં પ્રસરેલી હતી અને જૈન ધર્મની પ્રણાલી મુજબ વિદેશની મુસાફરી એમને બાધક હતી.

પરંતુ આવા પ્રસંગને જતો કરવા પણ નહોતા ઈચ્છતા કારણ કે ઘણા લોકો જૈન ધર્મથી અજ્ઞાન હતા. મુનિશ્રી આત્મારામજીનાં શિષ્ય વિજય વલ્લભસૂરીજી એ સલાહ આપી કે આપણે જૈન વિદ્વાન શ્રાવક ને આપણા પ્રતિનીધિ બનાવીને જરૂર મોકલવા જોઈએ તેથી

અનુસંધાન પાના નં.૮ પર...